JAIN JAGRUTI CENTRE
CENTRAL BOARD CHARITABLE TRUST

# JAIN JAGRUTI CONNECT

ISSUE 7 April-May 2025

લોકોને જોડવાનો
એક પ્રયાસ...



રત્ન કણિકા

**જીવન એક ખેલ...**

મનુષ્યના મનમાં અનંત સામર્થ્યરહેલું છે. પણ મોટાભાગના મનુષ્યોને તેની જાણ હોતી નથી. તમારો ખજાનો તમારા પગ તળે છે એમ કહેવાય છે પણ એ ખજાનો છુપાયેલો છે એને પ્રગટ કરવાના, એ ખજાનાથી સમૃધ્ધ થવાના અનેક કીમીયા છે.

**-શાસ્ત્રવાણી**

જૈન જાગૃતિ સેન્ટર
સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦૨૪-૨૦૨૬

સંજય બી. શાહ
ચેરમેન-કાયમી ટ્રસ્ટી

જીતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ. ચેરમેન -કાયમી ટ્રસ્ટી

પ્રફુલ વી. કામદાર
વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

રાજેશ સી. ગાંધી
વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

અમિત ડી. કોઠારી
સેક્રેટરી-હોલ્ડીંગ ટ્રસ્ટી

અનિલ જી. દોશી
સેક્રેટરી-કાયમી ટ્રસ્ટી

રાજેશ આર. ભણશાલી
ખજાનચી-કાયમી ટ્રસ્ટી

હર્ષદ જે. ગાંધી
કાયમી ટ્રસ્ટી

પ્રવિણ જી. શાહ
દાતા ટ્રસ્ટી

નિલેશ કે. શાહ
દાતા ટ્રસ્ટી

કમલેશ સી. શાહ
દાતા ટ્રસ્ટી

કીર્તિ કે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

રશ્મિકાંત જે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

મિનેશ ડી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

મુકેશ સી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

નિતીન આર. પારેખ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી



## ચેરમેનશ્રીની કલમે...

સ્નેહી સ્વજન,

સાદ્દર જયજિનેન્દ્ર...

આપ સૌને વિદીત છે જ કે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપનાના ૩૦ વર્ષ થયા. તેની સ્થાપનાના ત્રિ દશાબ્દી વર્ષની ઉજવણી ના ઉપલક્ષે આપણી માતૃભાષા ગુજરાતી ભાષાને પ્રાધાન્ય આપતો કાર્યક્રમ ગુજરાતી ગઝલોનો મહાકુંભનો ઉત્સવ ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ ખૂબજ વિશાળ શ્રોતાગણોની હાજરીમાં જ્વલંત સફળતાપૂર્વક ઉજવાયો.

તાજેતરમાં જીતો દ્વારા વિશ્વભરમાં શાંતિ અને કણ્યાણાર્થે "નવકાર મહામંત્ર ડે"નું સફળતાપૂર્વક આયોજન કરીને જૈન ધર્મની મહાનતા અને જૈન સમાજની એકતા યથાર્થ કરી હતી. યોગાનુયોગ તેજ વખતે વિલેપારલા ઈસ્ટમાં દિગંબર જૈન દેરાસરને કહેવાતી સાંઠ-ગાંઠ અને કાયદાકીય આંટીઘુંટીમાં અટવાવીને શાસકીય કાર્યવાહી અંતર્ગત દેરાસરને જમીનદોસ્ત કરવામાં આવ્યું ત્યારે તેના વિરોધમાં પણ જૈનો એક સાથે વિશાળ માનવ સમૂહમાં એકઠા થઇ ગયા જેને લીધે જૈન શાસનની એક જુટતાના દર્શન થયા. આવીજ રીતે જૈન સમાજની એકતા કાયમ રહે એ આશા સાથે આપણું જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૈન સમાજની સાથે મળીને અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરીજ રહ્યું છે.

પહેલગામમાં તેમના ધર્મની પૃચ્છા કરીને નિર્દોષ પર્યટકોનો નિર્મમ હત્યાકાંડ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો તે સમગ્ર વિશ્વના માનવતાના ધર્મમાં કલંકરૂપ છે. ભારતભરમાંથી તે પાડોશી દેશના આતંકવાદીઓ ઉપર લોકોનો પ્રચંડ ગુસ્સો સોશ્યલ મીડીયા દ્વારા અનેક પ્રકારે પ્રગટ થઇ રહ્યો છે. આપણા દેશના પ્રધાન મંત્રી મોદીજી અને ગૃહમંત્રી અમિત શાહે ભારતની જનતાને ખાતરી આપી હતી કે આ પ્રકારના કાયરતાપૂર્ણ હીન કૃત્ય નો જડબાતોડ જવાબ આપવામાં આવશે. આપણી સેનાની જવાબી કાર્યવાહીમાં ત્રણેય પાંખના વીર સૈનિકો પણ જુસ્સાભેર જોડાઇને એર સ્ટ્રાઇક અને મિસાઈલો દ્વારા જોરદાર અને સચોટ હુમલાઓ કરીને આતંકવાદીઓના ટ્રેઈનીંગ કેમ્પો અને મહત્વના એરબેઝોને નષ્ટ કરી દીધા છે.

આ વખતના ઉનાળાની કાળઝાળ ગરમીમાં સામાન્ય મનુષ્યોને થોડી રાહત થાય એવી પ્રવૃત્તિની શુભ શરૂઆત જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઠંડી મીઠી મધુરી છાશનું વિતરણ દેશભરના અનેક જેજેસી સેન્ટરો સાથે મળીને ઉત્સાહભેર કરી રહ્યા છે જેનો અનેક લોકો લાભ લઇ રહ્યા છે.

આગામિ જુન મહિનામાં ગોવા ખાતે કોન્ફરન્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે. દરેક જેજેસી સેન્ટરોના કાર્યવાહક કમિટીના સભ્યોને સજોડે આ કોન્ફરન્સમાં સહભાગી થવા ભાવભર્યુ આમંત્રણ છે. આ વિશેની વધુ વિગતો આ અંકમાં અંદરના પાના પર આપવામાં આવી છે.

ગોવા કોન્ફરન્સમાં જે જેજેસી સેન્ટરોએ સળંગ ૪૫ દિવસ સુધી છાશનું વિતરણ કર્યુ છે તેવા દરેક સેન્ટરોને બિરદાવીને તેઓને એક અવિસ્મરણીય મોમેન્ટો પણ આપવામાં આવશે.

ગોવા કોન્ફરન્સમાં જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ભવિષ્યમાં થનારા અન્ય પ્રોજેક્ટોની જાહેરાત અને વિગતવાર માહિતી આપવામાં આવશે.

તો આવો મિત્રો આપણે સૌ પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતા પરિવારને યથાર્થ કરીએ....

**એજ લિ. સંજય બી. શાહ**

30 YEARS OF TRUST & GROWTH

ગઝલની ગુંજતી સરગમ
ગરવી ગુજરાતના કલાકારોને સંગ
ગુજરાતી ગઝલોનો મહાકુંભ

# ત્રિ દશાબ્દી મહોત્સવ રવિવાર તા. ૧૬.૦૩.૨૦૨૫ના રોજ મુકેશ પટેલ ઓડિટોરિયમમાં શાનદાર ઉજવણી... અને જેજેસી રત્ન એવોર્ડ * લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ અર્પણ





જેજેસીના ફાઉન્ડર શ્રી હર્ષદભાઇ જે. ગાંધી ને લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ અર્પણ કરતાં




દાતાશ્રી ચીનુભાઇ સી. શાહના પરિવારને જેજેસી રત્ન એવોર્ડ અર્પણ




દાતાશ્રી કિશોરભાઇ એન. શાહના પરિવારને જેજેસી રત્ન એવોર્ડ અર્પણ




દાતાશ્રી પ્રવિણભાઇ જી. શાહના પરિવારને જેજેસી રત્ન એવોર્ડ અર્પણ




જૈન જાગૃતિ સેન્ટર - વિલેપારલા - માતૃ સંસ્થાના સભ્યોને મોમેન્ટો આપતા.



શ્રી ડૉ. બિપીનભાઇ દોશી તથા ડૉ. રન્નાબેન દોશીનું બહુમાન




કાર્યક્રમનું સંચાલન કરી રહેલ શ્રી શોભિત દેસાઇ અને તેને રસપૂર્વક માણી રહેલા પ્રેક્ષકો






પ્રથમ દિવસે ૧૪૦૦ લોકોએ છાશ કેન્દ્રનો લાભ લીધો

## ભુજમાં સંસ્થાઓ દ્વારા નિઃશુલ્ક ઠંડી છાશનું વિતરણ શરૂ કરાયું

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ભુજ ખાતે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા જૈન જાગૃતિ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક છાશ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.

સંસ્થાના પ્રમુખ કેતન મોરબિયાના અધ્યક્ષસ્થાને અને નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર, જૈન સેવા સંસ્થાના યજમાનપદે કીર્તિભાઈ ઝોટા, સુરેશભાઈ દોશી, હર્ષદભાઈ શાહ, દીપકભાઈ વોરા, નરેન્દ્રભાઈ દાણાવાલા, નરેન્દ્રભાઈ મહેતા, મનીષાબેન મોરબિયા જે.જે.સી. પરિવાર હાજર રહ્યો હતો.

પ્રારંભ મંત્રાધિરાજ નવકાર મહામંત્રના સ્મરણ સાથે અને દીપ પ્રાગટ્ય દ્વારા કરાયો હતો.

પર્મેશ દોશીએ આવકાર, પ્રોજેક્ટની માહિતી કલ્પેશ મોરબિયાએ આપી હતી. વી.જી.મહેતા તથા કીર્તિભાઈ ઝોટાએ અભિનંદન આપ્યા હતા. હિતેન્દ્ર શાહ, ભાવેશ શાહ, મિતેષ લોડરિયા, સંજય મોરબિયાએ જહેમત ઉઠાવી હતી. સંચાલન પરેશ શેઠે અને આભારવિધિ ડી. એસ.દોશીએ કરી હતી.

















## જૈન જાગૃતિ સેન્ટર બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા જે.જે.સી. રજવાડી દ્વારા ઘાટકોપરમાં ઉનાળુ છાશ વિતરણ

જૈન જાગૃતિ સેન્ટર બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા જે.જે.સી. રજવાડી દ્વારા ઘાટકોપરમાં શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ હિંગવાલા મોટા ઉપાશ્રયના સહયોગ સાથે ઉનાળુ છાશ વિતરણ શરૂ કરવામાં આવેલ છે. અનેક રાહદારીઓ ધોમધખતા તાપમાં છાશનો લાભ લઈ રહ્યાં છે.
















# ૨૯ મો સમૂહ લગ્નોત્સવ



## શનિવાર તા. ૦૬.૧૨.૨૦૨૫

### વહેલો તે પહેલોના ધોરણે માત્ર ૧૧ યુગલોનો સમાવેશ કરવામાં આવશે.

**Office Address:**
201, Matharu Arcade, Abv. Axis bank, Nr. Garware Polyester, Vile Parle (East), Mumbai 400 057.
+91(22) 6695 66 99 +91(22) 6697 30 38
+91 8779 695 306 Email : admin@jainjagruti.com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

**દ્વારા પ્રેરીત એક વધુ સેવાકીય પ્રવૃત્તિને છાશ વિતરણ અભિયાનને ભારતભરના અનેક જેજેસીના સેન્ટરોએ સહર્ષ વધાવીને તેમાં જબરદસ્ત ઉત્સાહ સાથે હોંશે હોંશે સહભાગી થઇ રહ્યા છે અને ધગધગતી ગરમીમાં હજારો લોકોની તરસ છીપાવીને પેટને ઠંડક પહોંચાડવાનું પુણ્યકાર્ય કરી રહ્યા છે... તેની બોલતી તસ્વીરો**
















## જૈન જાગૃતિ સેન્ટર દ્વારા છાશ વિતરણનું ચાલતું સેવાકાર્ય



જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જૈન જાગૃતિ સેન્ટર ભાવનગર અને લેડીઝ વિંગ દ્વારા છાશ કેન્દ્રનો પ્રારંભ ગત તા. ૨-૫ને શુક્રવારથી કરાયો છે જેમાં દરરોજ સવારે ૧૦ કલાકથી બપોરે ૧ વાગ્યા સુધી છાશ વિતરણ કરાશે. પહેલગામના શહીદોને શ્રધાંજલિ નિમિતે અને ઉનાળાની કાળઝાળ ગરમીમા લોકોને રાહત મળે તે માટે જે જે સી સંસ્થા દ્વારા ભક્તિબાગ જૈન ઉપાશ્રય કાળુભા રોડ પાસે ભાવનગરના મેયર ભરતભાઈ બારડની ઉપસ્થિતમાં એક ઉમદા અને જરૂરી કાર્ય છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ખૂબ મોટી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે. આ પ્રોજેકટને સફળ બનાવવામાં કમિટિ મેમ્બરોએ જહેમત ઉઠાવી રહ્યા છે.
















* છાશ એટલે ઉનાળાનું ઉત્તમ અમૃતમય પીણું * છાશમાં વિટામીન-બી, કેલ્શીયમ, પોટેશ્યમ અને ફોસ્ફરસ જેવા ગુણકારી ખનીજ તત્વોનો ખજાનો છે... જે ઉનાળામાં વધુ પરસેવો થવાથી શરીરમાંથી આ મૂલ્યવાન તત્વો ઘટી જાય છે, જેને લીધે અશક્તિ લાગે છે, તેને સમતોલ કરીને શરીરના તાપમાનને ઓછુ કરી તાજગી પ્રદાન કરવાનું કાર્ય છાશ કરે છે.

# શહીદ વીર જ

**ગત વર્ષોમાં પુલવામામાં જ્યારે આતંકવાદીઓનો હુમલો આપણા સૈનિક દળ**
**આ ૩૯ શહીદ સૈનિકોના પરિવારોને આપણા પોતાના**



ગઢચિરોલી પોલિસ કાર્યાલય ખાતે મુખ્ય પોલિસ અધિકારીઓની હાજરીમાં શહીદ પોલિસ ક
સંજય શાહ-ચેરમેન, જીતેન્દ્ર કોઠારી-ત.ભૂ.પૂ.ચેરમેન, પ્રફુલ કામદાર, રાજેશ ગાંધી-વ

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભારત દેશના ફરજ પરસ્ત શહીદો માટે ફરીથી એક સેવા...










# ...વાન સહાય

## ...પર થયેલ હતો અને જેમાં ૩૯ સૈનિકો વીરગતિ પામીને શહીદ થયા હતા ...સ્વહસ્તે સહાય પહોંચાડેલ હતી, આવીજ રીતે....



...ર્મચારીઓના પરિવારજનોને ચેક અર્પણ કરી રહેલા જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ...ાઇસ ચેરમેન, અમિત કોઠારી-સેક્રેટરી, રાજેશ ભણશાલી-ખજાનચી, કિર્તી શાહ -ટ્રસ્ટી








આ વખતે મહારાષ્ટ્રના સીમાવર્તી જિલ્લામાં જ્યાં નક્સલવાદી તત્વોની ભાંગફોડની પ્રવૃત્તિઓ ચાલે છે ત્યાં... તાજેતરમાં ગઢચિરોલી ક્ષેત્રમાં થયેલા હુમલામાં ૧૯ પોલિસકર્મીઓ શહીદ થયા હતાં. જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટે આ શહીદોના પરિવારો માટે રૂા.૧,૦૦,૦૦૦/- ની સહાય દરેક પરિવારને કરેલ છે.

લગભગ આ બધા જ સૈનિકો અત્યંત સામાન્ય પરિવારોમાંથી આવતા હોય છે. જ્યાં તેમના પગારમાંથી તેના પરિવારનું ભરણપોષણ માંડમાંડ થતું હોય છે, પરંતુ તેમના પરિવાર માટે કમાનાર મુખ્ય આધાર જ્યારે છીનવાઇ જાય છે ત્યારે આ પરિવારોની હાલત બહુ કફોડી થઇ જાય છે. .

ભારતભરના વીર સૈનિકો જાનના જોખમે તેમની ફરજ ભારત દેશની સીમાઓ પર બજાવે છે અને સમગ્ર દેશને સુરક્ષા પ્રદાન કરે છે અને પોલિસકર્મીઓ દરેક નાગરિકની ગ્રામ્ય-શહેર કે મહાનગરમાં રહીને સુરક્ષા કરે છે. તેથીજ આપણે સૌ આપણા ઘર અને કાર્ય સ્થળે સુરક્ષિત રહીને આપણું દૈનિક જીવન નિર્ભય બનીને પસાર કરી શકીએ છીએ.

તે માટે આપણે પણ આપણાથી બનતી કોશિષે કોઇપણ પ્રકારે તેમને મદદરૂપ થવું જ જોઇએ તે આપણા સૌની એક અગત્યની ફરજ છે. જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજોપયોગી અનેક યોજનાઓની સાથોસાથ ભારતભરના શહીદો માટે વારંવાર કોઇ ને કોઇ પ્રકારે સહાયની પ્રવૃત્તિઓ ચાલતી રહેતી હોય છે.

આ ફરજની નાની અમથી જવાબદારી જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના હોદેદારો અને ટ્રસ્ટીઓ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના પોલિસ વડાઓની હાજરીમાં રવિવાર તા. ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગઢચિરોલી ખાતે શહીદ પોલિસકર્મીઓના પરિવારો ને સહાય પ્રદાન કરેલ તેની બોલતી તસ્વીરો.

# જૈન જાગૃતિ સેન્ટર (સાયન – માટુંગા) ચેરીટિબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

## શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

વર્ષ ૨૦૨૫-૨૦૨૬

## શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ –વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

## લાયન CA અશોક બ્રિજલાલ મોદી – કન્યા શિક્ષણ ફંડ

પ્રિય સેન્ટરના સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૨૦,૦૦૦/–થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઈ** (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઈમાં થાણા સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)માં જ રહેતા હોય તેવા વિધાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ** માટે **દત્તક** લેવાનું ઉપરોક્ત બંને યોજના હેઠળ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિધાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (શાળાની ફી, યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરૂ નામ, બાળકની જન્મતારીખ, સરનામું, મુળવતન, ફોન નંબર
૨) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ, સરનામું અને શાળાની ફીનું બંધારણ
૩) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોકસ, આધાર કાર્ડ તથા ધોરણ પાસ કર્યુ હોય તેની માર્કસ શીટ.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **શનિવાર, તારીખ ૩ જી મે ૨૦૨૫** થી **શનિવાર, તા. ૩૧ મી મે, ૨૦૨૫** દરમ્યાનના **કોઈપણ બુધવારે** અથવા **શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન** નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે. **નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરી આવવુ નહિ.**

**C/o. સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.**

૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

**જૈન જાગૃતિ સેન્ટર (સાયન-માટુંગા) ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબનાં ચેરીટિબલ કાર્યો અને સહાય માટે ફંડો ચલાવવામાં આવે છે.**

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ**

- લાયન CA અશોક બ્રિજલાલ મોદી - કન્યા શિક્ષણ ફંડ
- લાયન CA અશોક બ્રિજલાલ મોદી - સર્જિકલ એઈડ ફંડ
- શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ - કેળવણી - શિક્ષણ ફંડ
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી - ઈન્ફોટેક ફંડ
- શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ - મેડીકલ ફંડ
- શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ - ડાયાલીસીસ ફંડ
- શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ - માનવ રાહત ફંડ
- શ્રીમતી મંગલાબેન જશવંતલાલ શાહ - અનાજ રાહત ફંડ
- શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - જીવદયા ફંડ
- શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઈ શાહ - સ્કોલરશીપ ફંડ

...લી.

સતીષભાઈ સી. શાહ • જયેન્દ્રભાઈ એમ. સંઘવી
સુરેશભાઈ કે.શાહ • હેમંતભાઈ ડી. શાહ
ટ્રસ્ટી અને કન્વીનીયર્સ

રાજેશભાઈ સી. ગાંધી
ચેરમેન

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સહર્ષ ઉજવે છે અવિરતપણે લગાતાર છેલ્લા 30 વર્ષથી ચાલી રહેલી સમૂહલગ્નની સેવાકીય પ્રવૃત્તિઓ...



**તા. ૦૭.૧૨.૨૦૨૪ના રોજ કાંદીવલી ખાતે યોજાયેલ સમૂહલગ્નમાં લગ્નગ્રંથીથી જોડાયેલ નવદંપતિઓ સાથે**

**લગાતાર ૨૮ સમૂહ લગ્નોત્સવનું સફળતાપૂર્વક આયોજન કરનાર જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ તેમજ ટ્રસ્ટીઓ**

જૈન સમાજની અનેક સંસ્થાઓમાં પણ સમૂહ લગ્ન યોજાય છે અને સમગ્ર ભારતમાં પણ દરેકે દરેક સમાજમાં આ પ્રકારના સમૂહ લગ્નના આયોજનો થતા રહે છે. તેમાંથી ઘણા બધા આવા સમૂહ લગ્નના આયોજન કરતા બંધ પણ થઇ ગયા. જ્યારે જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અવિરતપણે લગાતાર છેલ્લા ૨૮ વર્ષથી કરતું રહ્યું છે અને ભવિષ્યમાં હજી પણ કરતુંજ રહેશે...

# હાયર એજ્યુકેશન લોન






દેશ અને વિદેશ માટે પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સૌથી વધારે અને વ્યવસ્થિત સહાય કરવા માટે સદાય તત્પર અત્યાર સુધીમાં...

| | |
|---|---|
| ભારતમાં | વિદ્યાર્થીઓ ૮૫૦૦ |
| વિદેશમાં | વિદ્યાર્થીઓ ૨૩૬૮ |
| કુલ લાભાર્થી | વિદ્યાર્થીઓ ૧૦૮૬૮ |

## Jain Jagruti Centre Central Board Charitable Trust

### OUR OTHER ACTIVITIES

**HIGHER EDUCATION LOAN**

- Samuh Lagna
- Girls Hostel
- JJC Business World
- Sadharmik Sahay
- Business Financial Assistance
- Yuvak Yuvati Parichay
- Jivdaya Gaushala Sahay
- Chhas Vitaran

**Our On Going International Projects**

Association with JAINA &
Student's Associations

# ગર્લ્સ હોસ્ટેલ




## Admission Open 2025 - 2026 - Last Date 31.05.2025

**Hostel Charges Including Breakfast & Dinner Rs. 1,80,000/- per year.**

- Ideal Location: Opp. Jain Derasar
- Latest Security System
- Separate Locker Cabinet
- Bed with Mattress & Pillow
- Pure Jain Food Service
- Air Conditioned Rooms







- Housekeeping Facility
- Hot & Cold Water
- Free Wi-Fi • TV Lounge
- Reading Room
- Laundry: Washing Machine & Dryer
- Lady Warden

**HOSTEL ADDRESS:**
B-Wing, Accord Building, Opp. Jain Derasar, Sumer Nagar, Borivali West, Mumbai 400 092.

વર્ષ ૨૦૨૩થી ૧૨ વિદ્યાર્થીનીઓ માટે જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટે જૈન સમાજની મુંબઇ બહાર રહેતી અને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે ભણવા આવતી દીકરીઓ માટે બોરીવલી (પશ્ચિમ) ખાતે અત્યાધૂનિક સુવિધાઓ સાથેની ગર્લ્સ હોસ્ટેલની શરૂઆત કરી દીધી છે.

હવે પછી ૧૦૦ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થઇ શકે તેવી હોસ્ટેલના નિર્માણની તૈયારી ચાલુ છે.

# ગોવા કોન્ફરન્સ ૨૦૨૫

## આઇટીસી ફોર્ચ્યુન રિસોર્ટ

FORTUNE RESORT

ભારતભરના દરેકે દરેક જેજેસી સેન્ટરોના કાર્યવાહક કમિટીના મેમ્બરો સજોડે આમંત્રિત છે

"૨૦-૨૧-૨૨ જુન ૨૦૨૫
★★★★ પ્રખ્યાત રિસોર્ટ"








અહીં આપેલ લિંક અથવા QR Code પરથી વહેલી તકે ફોર્મ ભરીને પોતાનું બુકીંગ કન્ફર્મ કરી લેવા વિનંતી....

https://forms.gle/b8UDToCqiyHPmGLL6

https://bit.ly/44rZRxm

### વધુ વિગત માટે સંપર્ક કરો

**સંજય બી. શાહ**
ચેરમેન - કાયમી ટ્રસ્ટી
98210 50169

**જિતેન્દ્ર એસ. કોઠારી**
તા.ભૂ.પૂ. ચેરમેન - કાયમી ટ્રસ્ટી
98210 12321

**પ્રફુલ વી. કામદાર**
વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી
98200 38664

**રાજેશ સી. ગાંધી**
વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી
98210 69989

**અમિત ડી. કોઠારી**
સેક્રેટરી - હોલ્ડીંગ ટ્રસ્ટી
90048 80001

**અનિલ દોશી**
સેક્રેટરી - કાયમી ટ્રસ્ટી
93240 81810

**રાજેશ ભણશાલી**
ખજાનચી - કાયમી ટ્રસ્ટી
98200 45847

**ધર્મેશ દોશી**
ગુજરાત કો-ઓર્ડીનેટર
+91 94267 31639

